સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૩ ગુજરાતી જુલાઈ, ૨૦૨૦

સમય: ૧ કલાક કુલ ગુણ: ૨૫

*** અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)**

અ.નિ. ચિત્રનું વર્ણન સાત-આઠ વાક્યમાં લખી શકે.

પ્રશ્ન-૧ ગુજરાતી પાઠ્યપુસ્તકના પાન. નં. ૧ પરનું નીચે આપેલ ચિત્ર જુઓ અને તેના વિશે પાંચ વાક્યો લખો. ૫



(પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે) તમારા ઘર વિશે પાંચ વાક્યો લખો.

અ.નિ. આપેલા શબ્દનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે.

પ્રશ્ન-૨ નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો. ૫

ઉદા: નદી – નદીમાં પાણી વહે છે.

૧. વરસાદ ૨. ઠંડી ૩. ઝાડ ૪. વાંદરો ૫. માળો

અ.નિ. પરિચિત શબ્દો શોધે.

પ્રશ્ન-૩ ઉદાહરણ પ્રમાણે અર્થ સમજાય એવો શબ્દ બનાવો. ૫

ઉદાહરણ - નશોખી: શોખીન

૧. રમઘી ૨. મરત ૩. રાપછા ૪. સારવદ ૫. રપવોસે

અ.નિ. નવા શબ્દો શોધે.

પ્રશ્ન-૪ ઉદાહરણ જોઈ તેના જેવા નવા શબ્દો બનાવો.

ઉદાહરણ: હૂપ- હૂપાહૂપ ૨

(૧) ---------- (૨) ----------

ઉદાહરણઃ ખટ- ખટપટ ૨

(૧) ---------- (૨) ----------

ઉદાહરણઃ ગડ- ગડગડાટ ૧

(૧) ----------

અ.નિ. યોગ્ય જગ્યા છોડી, વિરામચિહ્નોનો ઉપયોગ કરી શુદ્ધ રીતે લખે છે.

પ્રશ્ન-૫ નીચેના વાક્યોનું સુંદર અક્ષરે લેખન કરો. ૫

૧. ખટખટ કહે," આહાહાહા...! ઠંડી ભાગી રહી છે."

૨. બધાં ધ્રૂજતાં ધ્રૂજતાં બોલવા લાગ્યાં: "હા, ભાગી રહી છે."

૩. સૌ પોતપોતાની પૂંછડીઓથી પવન નાખવા લાગ્યા.

૪. આકાશમાંથી વરસાદ તૂટી પડ્યો.

૫. ખટખટ અને તેના દોસ્તો ભીંજાઈ ગયા.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૩ **ગુજરાતી** **ડિસેમ્બર,૨૦૨૦**

સમયઃ ૧ કલાક **કુલ ગુણઃ ૨૫**

(અ.નિ: અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)

અ.નિ. આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે.

પ્રશ્ન - ૧ નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો. (૫)

ઉદા.- સસલું , ધોળું વાક્યઃ સસલાનું બચ્ચું રૂ જેવું ધોળું છે.

(૧) રિસેસ, મેદાન

(૨) રસોડું , સુગંધ

(૩) વન, વૃક્ષ

(૪) દવા, કડવી

(૫) માળો , સલામતી

અ.નિ વ્યાકરણના ઘટકો ઓળખે અને પ્રયોજે.

પ્રશ્ન - ૨ વાક્યો વાંચી ખૂટતા અક્ષરો મૂકો. (૫)

(અને, તો પણ , કે, એટલે, તેથી)

(૧) વિનોદ ..... દિનેશ પુસ્તક વાંચે છે.

(૨) તમે શું ખાઓ છો? શીરો ..... કંસાર ?

(૩) અનિલે દાદીને મદદ કરી ..... બધાએ તેનાં વખાણ કર્યાં.

(૪) શાહમૃગના પગ લાંબા હોય છે ..... તે ઝડપથી ચાલે છે.

(૫) અંજલિને તાવ આવ્યો હતો ..... તેણે કસોટીના જવાબ આપ્યા.

અ.નિ નવા શબ્દો શોધે.

પ્રશ્ન - ૩ આપેલા શબ્દોમાંથી ઓછામાં ઓછા બે શબ્દો બનાવો. (૫)

ઉદા. વરસાદઃ દર, સાર

(૧) સફરજન (૨) અમદાવાદ (૩) રતન (૪) વાતાવરણ (૫) કરમસદ

અ.નિ સમાનાર્થી શબ્દ શોધે.

પ્રશ્ન - ૪ નીચેના ચોરસ બોર્ડમાંથી સમાનાર્થી શબ્દોની જોડી શોધો. (૫)

પૂ	ર	ન	ગ	ર
ક	દ	વ	ન	દી
આ	રિ	ફ	ળ	પુ
ને	યો	ચ	ક્ષુ	ત્ર
દ	ન	ચ	ન	દ

સાગર .....

દીકરો .....

શહેર .....

જંગલ .....

આંખ .....

અ.નિ. દૃશ્યાત્મક વિગતોને લેખિત સ્વરૂપમાં રજૂ કરે.

પ્રશ્ન - ૫ બતક વિશે પાંચ-છ વાક્ય લખો. (૫)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ – ૩ | ગુજરાતી | માર્ચ – ૨૦૨૧

સમય : ૧ કલાક | કુલ ગુણ - ૨૫

[અ.નિ. - અધ્યયન નિષ્પત્તિ (Learning Outcome)]

અ.નિ. આપેલ શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે.

પ્રશ્ન- ૧ નીચે આપેલા શબ્દો યોગ્ય રીતે ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવીને લખો. (૫)

(૧) ઘરે સફેદ છે ગાય મારા.

(૨) ભર્યું ઘેટાને બટકું સિંહે.

(૩) માળો છે સુરક્ષિત પક્ષીઓ બાંધવા શોધે જગ્યા.

(૪) પ્રતિબિંબ બતકે પોતાનું પાણીમાં જોયું કદરૂપા.

(૫) તોફાન બહુ હનુમાનનું ગમ્યું કયું તમને?

અ.નિ. સંયોજક ઓળખે અને ઉપયોગ કરે છે.

પ્રશ્ન -૨ કૌંસમાંના શબ્દોમાંથી યોગ્ય શબ્દનો ઉપયોગ કરી વાક્યો જોડો. (૫)

ઉદાહરણઃ મારાથી હવે નહીં દોડાય. હું થાકી ગઈ છું. (પણ, કારણ કે)

જવાબઃ મારાથી હવે નહીં દોડાય કારણ કે હું થાકી ગઈ છું.

(૧) માતાને રસોઈ બનાવવાની હતી. બાળકને તો માતા સાથે રમવું હતુ. (પણ, કે)

(૨) મને તો ખબર પણ નથી. એ શાળાએ આવવાનો નથી. (અથવા, કે)

(૩) શ્રેયા ખંજરી વગાડે છે. શ્રેયા ભજન ગાય છે. (અને, પણ)

(૪) અનિલ ઝાડ પરથી પડી ગયો. તેને વાગ્યું નહિ. (તેથી, છતાં)

(૫) હું શાળાએ જાઉં છુ. શાળા શરૂ થઈ ગઈ છે. (અને, કારણ કે)

અ.નિ. માહિતીલક્ષી લખાણમાંથી વિગતો શોધે છે.

પ્રશ્ન -૩ નીચે આપેલા કોષ્ટકમાંથી જવાબ શોધીને લખો . (૫)

આ	સા	ણો	આં	બો
ના	સો	લી	મ	ડો
ળિ	બા	પા	કે	ળ
ચે	વ	ણ	લ	હ
રી	ળ	વ	ડ	વ

૧ . મારા ફળને લીંબોળી કહે છે. _____

૨. મારો દાતણમાં ઉપયોગ થાય છે. _____

૩. સારા પ્રસંગે મારા પાનનાં તોરણ બને છે. _____

૪. પક્ષીઓ મારા ટેટા ખાવા આવે છે. _____

૫. હું દરિયા કિનારાનું ઊંચું ઝાડ છું . _____

અ.નિ. નામ ઓળખાવ્યા વિના વ્યાકરણનાં ઘટકો ઓળખે અને પ્રયોજે છે.

પ્રશ્ન –૪ **નીચે આપેલ વાક્યો આવતીકાલ, ગઈકાલ કે આજના છે? તે ઓળખો.** **(૫)**

ઉદા. હેતવ ક્રિકેટ રમે છે. (આજ)

(૧) તુલસી ગીત ગાશે.

(૨) વિરાટે બૂટ પહેર્યા.

(૩) શીતલ કસોટીના જવાબ લખે છે.

(૪) દાદા પુસ્તક વાંચતા હતા.

(૫) મમ્મી પાણી-પુરી બનાવવાની છે.

અ.નિ. પરિચિત શબ્દો શોધે છે.

પ્રશ્ન -૫ કૌંસમાં આપેલ શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. **(૫)**

(સ્વચ્છતા, શ્વાસ, વિશ્વાસ, સ્વાસ્થ્ય, પ્રશ્ન)

(૧) પ્રવીણને એના શિક્ષક ઉપર ખૂબ .....છે.

(૨) કીડીએ હાથીને .....પૂછ્યો.

(૩) ..... રાખવાથી બીમારી દૂર ભાગે છે.

(૪) આપણે નાક વડે ..... લેવો જોઈએ.

(૫) ..... માટે સ્વચ્છ હવા જરૂરી છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૩ ગુજરાતી સપ્ટેમ્બર, ૨૦૨૦

સમયઃ ૧ કલાક કુલ ગુણઃ ૨૫

(અ.નિ: અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. ભાવાત્મક પ્રતિભાવ આપે છે.

પ્રશ્ન-૧ કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (૫)

(ખુશ થઈ જવાય, ચિંતા થાય, ઉદાસ થવાય, ગભરાઈ જવાય, મજા આવી જાય!)

(૧) ઉત્તરાયણનો તહેવાર આવે ત્યારે.....

(૨) મામાને ઘરે જવાનું બંધ રહે ત્યારે.....

(૩) વર્ગમાં શિક્ષક તમને શાબાશી આપે ત્યારે.....

(૪) મમ્મી ખૂબ બીમાર થઈ જાય ત્યારે.....

(૫) ઘરમાં અચાનક સાપ આવી જાય ત્યારે .....

અ.નિ. નામને બદલે સર્વનામનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ફકરો પૂર્ણ કરો. (૫)

(તેને, તેમાં, તેની, તેણે, આપણે)

વિમલે એક ફૂદું પકડ્યું અને .....કાચની ડબ્બીમાં બંધ કર્યું. વિમલે વિપુલને ડબ્બીમાં જોવા કહ્યું. વિપુલે ડર તાં ડર તાં.....જોયું, તેની અંદર પતંગિયા જેવડું ફૂદું દેખાતું હતું. .....પાંખ પર ઝીણાં ઝીણાં ટપકાં હતાં. વિપુલની બીક જતી રહી. ..... વિમલને કહ્યું, “તારા કારણે મારી બીક જતી રહી.” હવે ..... પાક્કા દોસ્ત.”

અ.નિ. પરિચિત શબ્દોણ શોધી શકે છે.

પ્રશ્ન-૩ આપેલા ચોકઠામાંથી પાંચ શબ્દો શોધીને લખો. (૫)

વ	ર	સા	દ
વા	ચો	પા	ણી
દ	મા	ન	આ
ળ	સું	દી	ભ

અ.નિ. સ્થળ/સમયવાચક અવ્યપય જેવા કે વચ્ચે, ઉપર, નીચે, આગળ, પાછળ, અંદર, બહાર, પછી, અત્યારે, પહેલાંને ઓળખે છે અને તેમનો ઉપયોગ કરે છે.

પ્રશ્ન-૪ નીચે કૌંસમાં આપેલા અક્ષરો/શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.

(માંથી, પાછળ, માં, ઉપર, નીચે) (૫)

(૧) પંખા .....ટેબલ છે.

(૨) દફ્તર ટેબલ .....મૂકેલ છે.

(૩) પતંગ આકાશ.....ઉડે છે.

(૪) ડબ્બા..... લાડવો લાવ.

(૫) સાપ ઉંદરની .....દોડ્યો.

અ.નિ. દૃશ્યાત્મક વિગતોને લેખિત સ્વરૂપમાં રજૂ કરે છે.

પ્રશ્ન-૫ પતંગિયા વિશે પાંચ વાક્યો લખો. (૫)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ: ૩ | ગુજરાતી | તા. ૧૦/૧૨/૨૦૨૧

સમય:- ૧ કલાક | કુલ ગુણ:- ૨૫

પ્રશ્ન –૧ આપેલ શબ્દ પરથી નવા બે-બે શબ્દો બનાવો. (૫)

ઉદાહરણઃ રાજહંસઃ હંસ, રાસ

(૧) લંબચોરસ (૨) કારણસર (૩) વારાફરતી (૪) કાનખજૂરો (૫) ગુજરાતી

પ્રશ્ન -૨ કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી અર્થ સમજાય તે રીતે ફકરો પૂરો કરો. (૫)

(અને, પણ, કે, એટલે, તો પણ, અથવા)

પોપટ .....ચકલી બંને પાકાં મિત્રો. બંને રોજ બગીચામાં મળે અને વાતો કરે. પોપટને મરચું ભાવે..... રોજ લઇને આવે. ચકલીને તીખાં લાગે..... પોપટના વાદે મરચાં ખાવા જાય. કાગડો રોજ જોઈને કહે..... મરચાને બદલે દાણા ખાવા જોઈએ. એક દિવસ પોપટ ચકલી માટે દાણા લાવ્યો.....ચકલીએ ન ખાધા. તેણે કહ્યું, “દાણા તો હું ખાઈને આવી. ”

પ્રશ્ન – ૩ આપેલ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો. (૫)

(૧) શિકારી (૨) વજન (૩) સલામત (૪) તેથી (૫) એટલે

પ્રશ્ન – ૪ આપેલ ફકરો વાંચી પ્રશ્નોના જવાબ આપો. (૫)

રશ્મિને બાદ કરતાં બધાં બાળકો વર્ગમાં આવી ગયેલાં. સિલ્વેરાના મમ્મીએ આવી ગયેલાં બાળકોની સંખ્યા ગણી. તે પ્રમાણે તેમણે ડિશ તૈયાર કરી. તેમણે ડિશમાં ચટણીને બાદ કરતાં બધી વાનગી ગોઠવી દીધી. બધાં બાળકોની નજર ડિશમાંની લંબચોરસ વસ્તુ પર હતી. તેને કારણે મોઢામાં આવતું પાણી રોકવા બાળકો પ્રયત્ન કરતાં હતાં. સિલ્વેરાના મમ્મીએ ચટણી ઉમેરતાં જઈ બધાંને એક પછી એક ડિશ આપી. એટલામાં નાનાં-નાનાં પગલાં ભરતો રશ્મિ આવ્યો. રશ્મિ ઉમેરાતાં બાળકોની સંખ્યા અઠ્ઠાવીસે પહોંચી. હવે બધાંને નિરાંત થઈ કેમકે નાસ્તો કરીને જોડીમાં રમવાનું હતું; તે માટે પૂરતી સંખ્યા થઈ ગઈ.

પ્રશ્નોઃ

(૧) રશ્મિ આવ્યા પહેલા વર્ગમાં કેટલા બાળકો હશે ? .....

(૨) ફકરામાં કયા આકારની વાત કરવામાં આવી છે ? .....

(૩) ડિશમાં પાછળથી શું ઉમેરીને બધાને આપ્યું હતું ? .....

(૪) નીચેનામાંથી ..... નો અર્થ ‘ખાવાની ખૂબ ઈચ્છા થઈ ગઈ.’ એવો થાય છે.

(અ) બધાની નજર લંબચોરસ વસ્તુ પર હતી.

(બ) બધાને મોઢામાં પાણી આવતું હતું.

(ક) બધાને નિરાંત થઈ.

(૫) રશ્મિ વર્ગમાં આવ્યો એટલે બધાને .....થઈ.

પ્રશ્ન – ૫ તમને ગમતા પક્ષી વિશે પાંચ વાક્યો લખો. (૫)

શિક્ષક માટેઃ

પ્રશ્નક્રમાંક	અ.નિ. નંબર	વિધાન
1	G313.2	નવા શબ્દો શોધે છે.
2	G311.8	સંયોજકો ઓળખે અને ઉપયોગ કરે છે.
3	G312.4	આપેલ શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે.
4	G304	વર્ણનાત્મક લખાણમાંથી વાચન-અર્થગ્રહણ કરી શકે છે.
5	G309	લેખનની જુદી જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ:-3 ગુજરાતી તા.૨૮/૦૧/૨૦૨૨

સમય:- ૧ કલાક કુલ ગુણ:- ૨૫

પ્રશ્ન -૧ આપેલ શબ્દોમાં યોગ્ય સ્વરચિહ્ન ઉમેરીને નવા શબ્દો બનાવો. **(૫)**

ઉદાઃ કદરપ- કદરૂ પું

(૧) પછડ (૨) પદડ (૩) ચકલટ (૪) શહમગ (૫) પરકમ

પ્રશ્ન – ૨ કૌંસમાંના શબ્દો ઉમેરી વાક્ય ફરીથી બનાવીને લખો. **(૫)**

ઉદા. બતકમાતાએ ઈંડા મૂક્યા. (પાંચ)

બતકમાતાએ પાંચ ઈંડા મૂક્યા.

(૧) કાગડો આવ્યો ન હતો. (હજી)

(૨) એક હતું ખેતર. (લીલુંછમ)

(૩) પોપટે યુક્તિ સમજાવી. (પોતાની)

(૪) ચકલી ઝાડ પરથી ઊડી ગઈ. (ઝડપથી)

(૫) ગોર મહારાજનું ગામમાં માન હતું. (બહુ)

પ્રશ્ન – ૩ નીચેના વાક્યોને આજ, ગઈકાલ, આવતીકાલમાં જુદાં પાડો. **(૫)**

(૧) હમણાં લાઈટ આવી જશે.

(૨) વિશાલ ક્રિકેટ રમે છે.

(૩) નયના શાંતિથી વાંચે છે.

(૪) તમે કાગડાની વાર્તા સાંભળી હતી?

(૫) પોપટે યુક્તિ સમજાવી.

આજ	ગઈકાલ	આવતીકાલ

પ્રશ્ન – ૪ આપેલ ફકરાનું વાચન કરી, તેની નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો. **(૫)**

એક હતું સરસ મજાનું ખેતર. ખેતરમાં લીલોછમ પાક લહેરાતો હતો. ખેતરના માલિક રામજીભાઈએ ખેતર વચ્ચે એક ચાડિયો ઊભો કર્યો હતો, જેથી પશુઓથી પાકનું રક્ષણ થાય. ચાડિયાને એકલું ના ગમે. સૂરજ ઊગે ને ખેતરમાં ચાડિયાની ચોમેર પંખીઓ ઊડ્યા કરે ને કલરવ કર્યા કરે. ચાડિયાને આ ગમે. ખેતરમાં પ્રાણીઓ પણ ચરવા આવે. તેઓ પણ ચાડિયા સાથે વાતો કરે. ચાડિયો કહે, “ગાયબેન, ખેતરમાં મોલને નુકસાન ન થાય તેમ ચરજો હોં કે ! ” આમ ચાડિયો ખેતરની ચોકી કરે ને પશુ-પંખીઓ સાથે સંબંધો પણ સાચવે.

પ્રશ્નોઃ

(૧) લીલોછમ પાક કોના ખેતરમાં લહેરાતો હતો ?

(૨) માલિકે ખેતરમાં ચાડિયો શા માટે રાખ્યો હતો?

(૩) પંખીઓ ખેતરમાં ચાડિયાને મળવા ક્યારે આવતા હતા?

(૪) ફકરામાં ‘પાક’ માટે બીજો કયો શબ્દ વપરાયો છે?

(૫) ‘ચાડિયો પશુ-પંખીઓ પાસે ખેતરનો બધો પાક ખવડાવી દેતો હતો.’ - આ વાક્ય સાચું છે કે ખોટું તે જણાવો.

પ્રશ્ન – ૫ ‘એક છલાંગે દરિયો કૂદો’ પાઠના આધારે ‘હનુમાન’ વિશે પાંચ વાક્યો લખો. **(૫)**

શિક્ષક માટેઃ

પ્રશ્ન ક્રમાંક	અ.નિ. ક્રમાંક	વિધાન
1	G313	શબ્દનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેનો અર્થ સમજી શકે છે.
2	G312.4	આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે.
3	G311	વ્યાકરણના ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખતો- સમજતો થાય અને તેનો વ્યવહારું ઉપયોજન કરી શકે છે.
4	G304	વર્ણનાત્મક લખાણમાંથી વાંચન અર્થગ્રહણ કરે છે.
5	G309	લેખનની જુદી જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

.

.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ-૩ ગુજરાતી (ગુજરાતી માધ્યમ) જુલાઈ-૨૦૨૧

સમય: ૧ કલાક કુલ ગુણ: ૨૫

અ.નિ. શબ્દો અને વાક્યો લખે છે.

પ્રશ્ન-૧ નીચે આપેલા મૂળાક્ષરનો ઉપયોગ કરી શબ્દ બનાવીને લખો. (૫)

ઉદાહરણ :- ફો - ફોરમ

(૧) કા - .....

(૨) બિ- .....

(૩) ખુ- .....

(૪) મે- .....

(૫) પ્ર - .....

અ.નિ શબ્દો અને વાક્યો લખે છે.

પ્રશ્ન-૨ શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવીને લખો. (૫)

ઉદાહરણઃ રજા- રવિવારે રજા હોય છે.

(૧) રૂપિયા - .....

(૨) વરસાદ- .....

(૩) અજવાળું -.....

(૪) નાસ્તો- .....

(૫) મોબાઈલ- .....

અ.નિ જોડાક્ષર સહિતના શબ્દો અને વાક્યો લખે છે.

પ્રશ્ન-૩ નીચે આપેલાં વાક્યો વાંચી તેમાંથી જોડાક્ષરવાળા શબ્દ શોધી નીચે લખો. (૫)

ઉદાહરણઃ પુષ્પો

બાગમાં ઘણાં પુષ્પો ખીલેલાં છે. મહેમાનોના સ્વાગત માટે પુષ્પગુચ્છની જરૂર પડે છે. ભક્તિ સ્મિત સાથે મહેમાનોનું સ્વાગત કરે છે. બાગમાં પાણી ભરાય ત્યારે મચ્છરો ખૂબ વધી જાય છે. મમ્મી સાથે ફરવા જવાની મજા આવે છે. ત્યાં અમે મસ્તી પણ કરીએ છીએ. બાગમાં અમે ખૂબ રમ્યા હતા.

_____

_____

_____

અ.નિ. નવા શબ્દોનો અર્થ જાણે છે.

પ્રશ્ન-૪ નીચે આપેલા શબ્દોના અર્થ કૌંસમાંથી શોધીને લખો. (૫)

(જગ, ઝાડ, સૂરજ, તડકો, જંગલ, મા, માગ, સરિતા)

(૧) બા - _____ (૪) વૃક્ષ - _____

(૨) સૂર્ય- _____ (૫) તાપ - _____

(૩) વન- _____

અ.નિ. ચિત્રનું વર્ણન કરે છે.

પ્રશ્ન-૫ નીચે આપેલ ચિત્રને જોઈને એક-એક વાક્ય લખો. **(૫)**

_____

_____

_____

_____

_____

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ -૩ | ગુજરાતી | સપ્ટેમ્બર-૨૦૨૧

સમય: ૧ કલાક | કુલ ગુણ: ૨૫

G ૩૧૧ ભાષા સજ્જતા અથવા તો વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખતો -સમજતો થાય તથા તેનો વ્યવહારું ઉપયોજન કરી શકે છે.

પ્રશ્ન-૧ નીચે આપેલાં વાક્યોમાં ખૂટતા અક્ષર/શબ્દ લખો. **(૫)**

(માંથી, અને, ની, કે, ને, એ)

૧. ગુલાબનાં પાન _____ કિનાર કરવત જેવી હોય છે.

૨. માટલું માટી _____ બને છે.

૩. શ્રદ્ધા _____ કુલદીપ ભરૂચ આવ્યા.

૪. કમલા દોડી- દોડી _____ આવે છે.

૫. જીભથી પાણી પીવે _____ માંસાહારી કહેવાય.

G ૩૧૨ પરિચિત શબ્દો અને તેના સમાનાર્થી અને વિરુદ્ધ અર્થ ધરાવતા શબ્દો શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે

પ્રશ્ન-૨ લીટી દોરેલ શબ્દનો વિરુદ્ધ અર્થ દર્શાવતો શબ્દ આપી વાક્ય ફરીથી લખો. **(૫)**

ઉદાહરણઃ અંજલિ પાસે <u>ઓછાં</u> પુસ્તકો છે.

જવાબઃ અંજલિ પાસે વધારે પુસ્તકો છે.

૧. મારું ઘર <u>નાનું</u> છે.

૨. આ <u>મારી</u> શાળા છે.

૩. મહેશ શાળાએ આવતાં આવતાં ખૂબ <u>રડ્યો.</u>

૪. પાટિયું <u>ધોળા</u> રંગનું હોય છે.

૫. જંગલમાં <u>ઝાઝાં</u> વૃક્ષો હોય છે.

G ૩૧૨.૪ આપેલા શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે.

પ્રશ્ન -૩ નીચે આપેલા શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો. **(૫)**

૧. મેળો.

૨. રાખડી.

૩. ધજા

૪. ઘાસ.

૫. પાણી.

G ૩૧૪ ભાવાત્મક સમાવેશન કરે છે.

પ્રશ્ન -૪ 'નીચેની પરિસ્થિતિમાં તમને કેવો અનુભવ થાય ?' કૌસમાંથી વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. **(૫)**

(ચિંતા થાય, ખૂબ ડર લાગે, મજા પડી જાય , આનંદ થાય, ઉદાસ થવાય, ગુસ્સે થવાય)

૧. તમને રસ્તામાં ચિત્તો મળે તો _____.

૨. તમે બગીચામાં જુદા-જુદા ફૂલ જુઓ ત્યારે _____.

૩. તમે માળો લટકાવો પણ ચકલી રહેવા ન આવે ત્યારે _____.

૪. પંખો ચાલુ હોય અને કબૂતર ઘરમાં આવી જાય ત્યારે _____.

૫. તમે નિશાળે જાઓ અને સાહેબ ગીત ગવડાવે ત્યારે _____.

G ૩૦૯ લેખનની જુદી- જુદી રૂઢિપ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

પ્રશ્ન-૫ તમે જન્માષ્ટમીના તહેવારોની ઊજવણી કેવી રીતે કરી તે વિશે પાંચ વાક્યો લખો. **(૫)**